Sexcel
Sexed Genetics

Genus ABS



# સેક્સ્ડ સીમેનનો (લિંગ નિર્ધારીત વિર્યનો) ઉપયોગ કરવા માટેની સુચનાઓ

POWERED BY IntelliGen TECHNOLOGIES

Bridging Borders
Unleashing Jersey Bull Genetics
#PROJECT JERSEY

# સફળ ગર્ભધારણ માટે સેક્સ્ડ સીમેનનો (લિંગ નિર્ધારીત વિર્યનો) ઉપયોગ કરવા માટે ધ્યાને લેવા માટેની ખાસ સુચનાઓ

| | આટલું કરો | આટલું ના કરો |
|---|---|---|
| **સેક્સ્ડ સીમેનનો (લિંગ નિર્ધારીત વિર્યનો) ઉપયોગ તમામ પશુઓમાં ન કરવો જોઇએ** | સેક્સ્ડ સીમેન નો (લિંગ નિર્ધારીત વિર્યનો) ઉપયોગ નીચે મુજબના પશુઓમાં કરવાથી શ્રેષ્ઠ પરિણામો મળે છે.<br>1. પ્રથમ વેતરવાળા<br>2. બીજા વેતરવાળા<br>પસંદ કરવામાં આવેલ પશુ જાતિય આરોગ્ય રીતે સ્વસ્થ હોવુ જોઇએ. | દરેક પશુ માટે ઉપયોગ કરવો હિતાવહ નથી. મોટી ઉંમરના એટલે કે ત્રીજા વેતર પછીના અને વારંવાર ઉથલા મારતા પશુઓમાં ઉપયોગ ન કરવો જોઇએ.<br>જાતિય આરોગ્યને લગતાં રોગો (સમસ્યાઓ) જેવી કે ડિસ્ટોકીયા (કષ્ટ પ્રસવ), ગર્ભાશય ગ્રીવાનો સોજો, ગર્ભાશયનો સોજો, બગાડ અથવા મેલી રહી ગઇ હોય તેવા પશુઓમાં ઉપયોગ કરશો નહી. |
| **પશુ (ગાય/ભેંસ) માં શરીરનું લઘુત્તમ વજન** | પુખ્ત ઉંમરના થયેલ ગાય/ભેંસમાં કૃત્રિમ બીજદાન ઉંમર આધારીત નહી પરંતુ શરીરના વજન અનુસાર કરાવવું જોઇએ.<br>સેક્સ્ડ સીમેનના (લિંગ નિર્ધારીત વિર્યનો) ઉપયોગ થકી સફળ ગર્ભધારણ માટે પુખ્ત ઉંમરના અને પ્રથમ વખત વિયાણ માટે ના પશુનું વજન આદર્શ રીતે 300 કિલોની નજીક હોવું જોઇએ.<br>સેક્સ્ડ સીમેનના (લિંગ નિર્ધારીત વિર્યનો) ઉપયોગ થકી સફળ ગર્ભધારણ માટે પ્રથમ વખત ગરમી/વેતરમાં આવતાં પશુઓને પ્રથમ બે વખતની ગરમી છોડ્યા બાદ બીજદાન કરાવવું હિતાવહ છે. | પ્રથમ વખત ગરમીમાં આવતાં અને ઓછું વજન ધરાવતાં માદા પશુઓમાં ઉપયોગ કરવો હિતાવહ નથી. પ્રથમ વખત ગરમીમાં આવતાં માદા પશુઓમાં શરૂઆતના થોડા પાળી/ગરમીના ચક્રો ટુંકા અને નોન ઓવ્યુલેટરી ચક્રો હોય છે જેથી કૃત્રીમ બીજદાન કરવા છતાં સફળ ગર્ભ ધારણ થતુ નથી. |
| **વેતર/પાળીમાં આવવું/ગરમીમાં આવવું** | **નીચેની આકૃતિ - 1** માં દર્શાવ્યા અનુસાર પશુ સંપુર્ણ ગરમીના ચિહ્નો દર્શાવે એટલે કે ફાળ ભરે ત્યારે અને શક્ય હોય ત્યાં સુધી સવારે અથવા સાંજે.<br>**નીચેની આકૃતિ - 2** માં દર્શાવ્યા મુજબ યોનીની લાળી સ્પષ્ટ, પારદર્શક અને તાંતણાયુક્ત હોવી જોઇએ.<br>ભૌગોલિક દ્રષ્ટી સેક્સ્ડ સિમેનનો ઉપયોગ નીચા તાપમાન અને ઘાસચારાની પુરતી ઉપલબ્ધતા હોય તેવા સમયે શ્રેષ્ઠ પરિણામો મળતા હોઇ **સપ્ટેમ્બરથી એપ્રિલ** ના સમયગાળાની સંવર્ધન ઋતુમાં ઉત્તમ ગર્ભધારણ મેળવી શકાય છે. | બે કે તેથી વધુ વખતના હીટ સ્ટ્રેસ સ્કોર ધરાવતાં પશુઓમાં ઉપયોગ કરશો નહી.<br>ગરમ અને ભેજવાળા મહિનામાં ઉપયોગ કરશો નહી.<br>વધુ ભેજ અને વધુ ગરમીને કારણે હાંફતા માંદા પશુઓ જૈવિક ફેરફારોમાંથી પસાર થાય છે જે ગર્ભધારણને અટકાવે છે. |
| **પેકેજીંગ** | લિક્વીડ નાઇટ્રોજન કન્ટેનરમાં દરેક ગોબ્લેટ 10 સેક્સ્ડ સીમેન ડોઝથી ભરેલું હોય છે. પેટા વિતરણ માટે આખા ગોબ્લેટને ટ્રાન્સફર કરવું જોઇએ. | સેક્સ્ડ સીમેન ડોઝનું વધારે પડતું હેન્ડલીંગ ટાળવું જોઇએ. |
| **સેક્સ્ડ સીમેન ડોઝની ઓળખ** | **નીચેની આકૃતિ - 5** માં દર્શાવ્યા અનુસાર કેનીસ્ટર ટેગ અથવા માર્કર સ્ટ્રીપ વડે બુલની ઓળખ કરો. દરેક ગોબ્લેટની અંદર રહેલી માર્કર સ્ટ્રીપમાં બુલનું નામ હોય છે.<br>ઇચ્છિત કેનીસ્ટરને શક્ય તેટલી વહેલી તકે તેની મુળ સ્થિતિમાં પરત મુકી દેવું | **નીચેની આકૃતિ - 3** માં દર્શાવ્યા અનુસાર બુલને ઓળખવા માટે સ્ટ્રો/ગોબ્લેટને ફ્રોસ્ટ લાઇનથી ઉપર ઉઠાવશો નહી. |


**આકૃતિ : 1**
**સ્ટેન્ડિંગ હીટ**



**આકૃતિ : 2**
**સર્વાઇકલ સ્ત્રાવ(યોનિની નાળી)**



**આકૃતિ : 3**
**કેનિસ્ટરને ફ્રોસ્ટ લાઇનથી ઉપર ન ઉઠાવશો.**




**આકૃતિ : 4**
**ગર્ભાશયના મુખ્ય ભાગમાં વીર્યનું પ્લેસમેન્ટ.**



| | | |
|---|---|---|
| **સેક્સ્ડ સીમેન ડોઝનું સ્થળાંતર** | એક કન્ટેનરમાંથી બીજા કન્ટેનરમાં સેક્સ્ડ સીમેન ડોઝ ભરેલા ગોબ્લેટને બને તેટલા ઝડપથી સ્થળાંતર કરવા જોઈએ.<br>કન્ટેનરમાંથી સેક્સ્ડ સિમેન ડોઝની સ્ટ્રો મેળવવાનું બને તેટલું ઝડપથી થવું જોઈએ. | સેક્સ્ડ સીમેન ડોઝને વધુ ઉચ્ચ તાપમાનના સંપર્કમાં આવવા ન દેશો. ઉચ્ચ તાપમાનથી સિમેન ડોઝની ગુણવત્તામાં ઘટાડો થાય છે. |
| **સેક્સ્ડ સીમેન ડોઝનું હેન્ડલીંગ** | સેક્સ્ડ સીમેન ડોઝને અનિવાર્યપણે ચિપિયા વડે પકડવા જોઈએ. | સેક્સ્ડ સીમેન ડોઝના થોઈંગ માટે હથેળીનો ઉપયોગ કરશો નહી. |
| **વિર્યનું થોઈંગ (પ્રવાહીકરણ)** | **નીચેની આકૃતિ - 6** માં દર્શાવ્યા અનુસાર થોઈંગ કરવા માટેના પાણીનું તાપમાન તપાસવા માટે થો મોનિટરનો ઉપયોગ કરો. અને યોગ્ય તાપમાને સ્ટ્રોને 30–60 સેકન્ડ સુધી રાખી થોઈંગ કરવું જોઈએ.<br>જો એકથી વધુ પશુને બીજદાન કરવાનું હોય તો પણ એક સમયે માત્ર એકજ સ્ટ્રોનું થોઈંગ કરવું જોઈએ.<br>સેક્સ્ડ સીમેન ડોઝને નાઇટ્રોજનમાંથી બહાર કાઢ્યા પછી તરતજ સ્ટ્રોને ઝટકો આપો અને થોઈંગ વખતે આખી સ્ટ્રો પાણીમાં ડુબાડવી જોઈએ.<br>સેક્સ્ડ સીમેન ડોઝની સ્ટ્રોને ઝટકો આપતી વખતે લેબોરેટરી સીલના છેડા બાજુથી પકડવી જોઈએ. | એક સમયે એકથી વધુ સેક્સ્ડ સિમેન ડોઝનું થોઈંગ કરશો નહી.<br>થોઈંગ કરવાના પાણીનું તાપમાન આંગળીથી તપાસવા કરતાં થો મોનિટરનો ઉપયોગ કરવો જોઈએ. |
| **ગર્ભાધાન** | સેક્સ્ડ સીમેન ડોઝના થોઈંગ પહેલાં પશુ, એઆઇ ગન, શીથ, મોજા વગેરે તૈયાર કરો જેથી ડોઝ થોઈંગ પછી તરતજ કૃત્રિમ બીજદાન થઇ શકે.<br>**નીચેની આકૃતિ - 4** માં દર્શાવ્યા અનુસાર ગર્ભાશયના મુખ્ય ભાગમાં વીર્ય મુકવા માટે એઆઈ ગનના પ્લંજરને ધીમે ધીમે દબાણ કરો.<br>પશુઓમાં સફળ ગર્ભધારણનો દર લગભગ 40% ની આસપાસ રહે છે. જેથી સફળ ગર્ભધારણ મેળવવા માટે સેક્સ્ડ સીમેન ડોઝનો ઉપયોગ સતત બે થી ત્રણ વાર કરવો જોઈએ. | સેક્સ્ડ સીમેન ડોઝના થોઈંગ પછી પશુ અથવા એઆઇ સાધનો તૈયાર કરશો નહી.<br>પશુના ગર્ભાશયના મુખમાં અથવા ગર્ભાશયના શીંગમાં વીર્ય મુકવાનું ટાળો<br>બીજદાન કરતી વખતે એઆઇ ગનના પ્લંજર દ્વારા અતિશય દબાણ આપવાનું ટાળો<br>પશુમાં બીજદાન દરમ્યાન અંડાશય/ફોલીકલને સ્પર્શવાનું ટાળો |
| **પોષક તત્વો (પશુ પોષણ)** | કૃપા કરીને પુરતી ખાતરી કરો કે સેક્સ્ડ સીમેન ડોઝના ઉપયોગ થકી કૃત્રિમ બીજદાન પહેલા પશુને પુરતા પ્રમાણમાં પોષણક્ષમ આહાર આપવામાં આવે છે જેથી સફળ ગર્ભધારણનો દર વધારે મેળવી શકાય છે.<br>સેક્સ્ડ સીમેન ડોઝના ઉપયોગ થકી કૃત્રિમ બીજદાન પહેલા પશુને ઓછામાં ઓછા બે માસ પહેલા કૃમિનાશક દવાનો ડોઝ આપવો જરૂરી છે જેની ખાતરી કરવી તેમજ પશુને સારી ગુણવત્તાયુક્ત ખનિજ મિશ્રણ સાથે આપવા ભલામણ કરવી. | કુપોષિત હોય તેવા પશુઓમાં સેક્સડ સિમેન ડોઝનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ.<br>**નીચેની આકૃતિ - 7** માં દર્શાવ્યા અનુસાર કુપોષિત પશુઓમાં સેક્સ્ડ સીમેન ડોઝ તથા સામાન્ય સિમેન ડોઝ માં પણ ગર્ભધારણની શક્યતા ઓછી હોય છે. |
| **QC Testing (થો મોટીલીટી પછી)** | **નીચેની આકૃતિ - 8** માં દર્શાવ્યા અનુસાર સેક્સ્ડ સીમેન ડોઝની પોસ્ટ થો મોટિલિટી IVOS - II (CASA) દ્વારા જ કરવી જોઈએ. | સેક્સ્ડ સીમેન ડોઝની પોસ્ટ થો મોટિલિટી ટેસ્ટ ફેઝ કોન્ટ્રાસ્ટ માઇક્રોસ્કોપ દ્વારા ન કરવી જોઈએ. |

**આકૃતિ : 5**
**સ્ટ્રોની ઓળખ માટે ગોબ્લેટ અને માર્કર સ્ટ્રીપ.**



**આકૃતિ : 6 થો મોનીટર**




**આકૃતિ : 7 NEB**



**આકૃતિ : 8 CASA IVOS II**



# આવો સેક્સસેલ સાથે લાભ મેળવીએ!



## પશુ પસંદગી

### વોડકી/ખડેલી

- કૃત્રિમ બીજદાન પહેલાં બે વખત પ્રાકૃતિક ગરમી/ઋતુ ચક્ર દર્શાવેલ હોવા જોઈએ.
- કૃત્રિમ બીજદાન માટે પસંદ કરવામાં આવેલ વોડકી/ખડેલીનું ઓછામાં ઓછું 250 થી 300 કિલોગ્રામ વજન હોવું જોઇએ.
- કૃત્રિમ બીજદાન માટે પસંદ કરવામાં આવેલ પશુને ઉંમર આધારિત નહી પરંતુ વજન અનુસાર પસંદગી કરવી જોઇએ.

### ગાય / ભેંસ

- પ્રથમ/બીજા/ત્રીજા વેતરની ગાય/ભેંસ કૃત્રીમ બીજદાન માટે શ્રેષ્ઠ છે.
- પશુ પર્યાપ્ત શારીરીક ક્ષમતા ધરાવતો હોવું જોઇએ અને નિયમિત રીતે ગરમીમાં આવતુ હોવું જોઇએ.
- ડીસ્ટોકીયા(કષ્ટપ્રસવ), ગર્ભાશયનો સોજો, ગર્ભાશયમાં રસી(પાયોમેટ્રા) અથવા મેલી(બગાડ) રહી ગઇ હોય તેવા પશુઓમાં સેક્સડ સીમેન ડોઝનો ઉપયોગ કરવો નહિ.
- વધુ ભેંજ કે ગરમીના કારણે હાંફતા પશુઓમાં સેક્સડ સીમેન ડોઝનો ઉપયોગ કરવો નહિ.
- વારંવાર ઉથલા મારતા પશુઓમાં સેક્સડ સીમેન ડોઝનો ઉપયોગ કરવો નહિ.
- શારીરીક રીતે અશક્ત અને નબળાઇ ધરાવતા પશુઓમાં પણ સેક્સડ સીમેન ડોઝનો ઉપયોગ કરવો નહિ.



## પશુ તૈયારી

### ઓળખ

- ખાતરી કરો કે પશુને 12 આંકના ઇનાફ કોડ વડે ઇયરટેંગ કરવામાં આવેલ છે.

### કૃમિનાશન

- ખાતરી કરો કે પશુઓને નિયમિત અંતરાલ પર કૃમિનાશક દવાનો ડોઝ આપવામાં આવેલ છે.

### પોષક તત્વોનું સંચાલન

- ગર્ભાધાન પ્રક્રિયાના 30 દિવસ પહેલા ગુણવત્તાયુક્ત ખનીજ તત્વો અને વિટામીનનું મિશ્રણ ખોરાકમાં આપો.



## ગર્ભાધાન પ્રક્રિયા

### ગરમીની ઓળખ

- ગરમીના ચિહ્નો ઓળખો એટલે કે સ્ટેન્ડીંગ હીટ, યોનિમાર્ગમાંથી લાળીનો સ્ત્રાવ, અજંપો, બીજા પશુના જનનાંગો સુંઘવા વગેરે
- કૃત્રિમ બીજદાનનો શ્રેષ્ઠ સમય - સવારે અથવા મોડી સાંજે.

### ગર્ભધાન

- ગોબ્લેટને ફ્રોસ્ટ લાઇનથી ઉપર ઉઠાવશો નહિ
- થોઇંગ કરવા માટેના પાણીનુ તાપમાન $37^0$ સે. તપાસવા થો મોનીટરનો ઉપયોગ કરો
- એક સમયે એક જ ડોઝનુ થોઇંગ કરો.થોઇંગ કરવા માટે ડોઝને 30-60 સેકન્ડ માટે સંપૂર્ણપણે પાણીમાં ડૂબાડવુ જોઇએ.
- થોઇંગ પછી શક્ય તેટલુ ઝડપી બીજદાન કરવુ જોઇએ.
- વીર્યને હંમેશા ગર્ભાશયના મુખ્ય ભાગમાં મૂકો ગર્ભાશયના મુખ કે સીંગમાં મૂકવાનું અને અંડાશય/ફોલિકલને સ્પર્શવાનુ ટાળો.
- પ્રજનનની માહિતીને રેકોર્ડ કરો
- કેનીસ્ટર ટેગ અથવા માર્કર સ્ટ્રીપ વડે બુલની ઓળખ કરો.

02-28-09-2022

- મહતમ ગર્ભધારણ મેળવવા માટે એવી ભલામણ કરવામાં આવે છે કે વધારે પશુઓ રાખતાં ફાર્મમાં હીટ સીંક્રોનાઇઝેશન કરવું જોઇએ જેથી કૃત્રિમ બીજદાન કાર્યકરનો સમય બચે અને મહત્તમ સફળ ગર્ભધારણ મેળવી શકાય.( હીટ સીંક્રોનાઇઝેશનની ભલામણ ફક્ત ગાયોમાં જ કરવામાં આવી છે.)
- વધુ માહિતી માટે નજીકના પશુચિકિત્સકની સલાહ લો.

**જીનસ બ્રીડિંગ ઈન્ડિયા પ્રા. લિ. (ABS ઈન્ડિયા)**
રજિસ્ટર્ડ ઓફિસ: ઈટર્નિયા પ્રિમાઈસિસ કો–ઓપ સોસાયટી, 5મો માળ, સી વિંગ,
DA યુનિટ નંબર 505/506 પાસે, દગાડી બંગલો, વાકડેવાડી, પુણે – 411005 (મહા)
:www.genusabsindia.com :abs.india@genusplc.com :1800 210 9210